સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કોંગી તો કૈં ન લાવી શકી અમે લાવ્યા, કેવું ફની છે ?
'નંબર વન' વાવાઝોડું, અમે લાવ્યા, કેવું ફની છે ?
કેવું ફની ! અમે કર્યો મુક્ત એ જ ઠર્યો વિશ્વ આતંકી-
સૌથી વધારે અમે જ આપ્યા શહીદ, કેવું ફની છે ?
(કોંગીના સિત્તેર વર્ષમાં કંઇ જ થયું નથી)

હાઈકુ

બધાં ક્ષેત્રે 'હું'
જોઈ લ્યો ઇતિહાસ-
'નંબર વન'
(દુષ્કર્મો, બ્લાસ્ટ, ગુના, ક્લીનચીટ)

ક્યાં છે યૂપ
ન્યાય તપાસ બ્યૂરો-
યૂંટણી પંચ...
(કોઇ ન કરી શકે તે અમે કર્યું)

ચિંતન

આત્માર્થત્વેન હિ પ્રેયાન્ વિષયો ન સ્વતઃ પ્રિયઃ ।
સ્વત એવ હિ સર્વષામાત્મા પ્રિયતમો મતઃ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવ્યો છે.

વિષય આત્માનું પ્રયોજન સારે છે માટે પ્રિય થાય છે. તે સ્વતઃ એટલે આપમેળે પ્રિય થતો નથી, કારણ કે સ્વાભાવિક રીતે (સૌને) આત્મા અતિપ્રિય હોય છે.

વિષયવાસનાથી ઈન્દ્રીય સુખ મળે છે તેથી શરીરને પ્રિય લાગે છે. શરીરને ક્ષણિક સુખ મળે યે એ આત્મીય સુખ નથી, ભૌતિક છે. આત્માનો આનંદ ક્ષણિક નથી, એ કાયમી છે. તેનાથી મનને શાંતિનો અહેસાસથાય છે. સુખ શું વસ્તુ છે એ ત્યારે જ સમજાય છે.

આત્માએ ભોગવેલ સુખથી પરમ શાંતિ મને વાસનાથી મળતું સુખ, રોગ જેવા પ્રત્યાઘાત આપે છે.

સુવિચાર

- આ બુદ્ધિ કે આ પ્રજ્ઞા, એની વ્યાખ્યા શી ? સહેજ પણ અજંપો કરે તે બુદ્ધિ, પ્રજ્ઞામાં અજંપો ના હોય **- ડૉ. નીરુબહેન અમીન**
- અવસ્થા માત્ર કુદરતી રચના છે, એવું મગજમાં બેસે ત્યારે આત્મજ્ઞાન ઉત્પન્ન થશે - **આપ્તસૂત્ર**
- જે વાતોથી કષ્ટ થાય તે થોડુંઘણું પ્રશિક્ષિત પણ કરે છે. - **ડિઝરાયેલી**
- શ્રમમાં સંપૂર્ણ ઈમાનદારી હશે તો ચહેરા પર અનોખી આભા જોઈ શકાશે - **ઈટાલિયન કહેવત**
- યોગ્યતાપૂર્વક વ્યતીત કરનારા જીવનનું આકલન વર્ષા દ્વારા નહીં પણ કર્મો દ્વારા કરવું જોઈએ - **સંત મેગ્નેસ**
- જો કોઈ સાવ સાધારણ માણસને ઉદાર મન પ્રાપ્ત થયું છે, તો આ ઉત્તમ પ્રકારની મહાનતા છે. - **પ્લેટો**
- આજનું ઔષધ : ધાવણ ઓછું આવતું હોય તો મેથીનો પાઉડર દૂધમાં બે કલાક પલાળી રાખી તેને ઉકાળી તેમાં અડધી ચમચી ઘી નાખીને પીવું.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રામકૃષ્ણ પરમહંસ શિષ્યો સાથે તળાવ પાસેથી પસાર થતા હતા ત્યારે માછીમારે પોતાની માછલીથી ભરેલી જાળ બતાવી તેમના શિષ્યને કહ્યું, જુઓ. આમાં કેટલીક માછલી તરફડી રહી છે તો કેટલીક માછલીઓ જાળમાં નિશ્ચેત થઈને કંઈ જ હલનચલન કર્યા વગર પડી છે. તે બહાર નીકળવાની કોશિષ પણ નથી કરી રહી. અને બીજી થોડીક એવી માછલીઓ છે જે જાળમાંથી મુક્ત થઈ ફરીથી તળાવમાં જઈ શકી છે.

આનો સૂક્ષ્મ અર્થ સમજાવતાં પરમહંસે કહ્યું, જે રીતે તમે ત્રણ પ્રકારની માછલી જોઈ તેમ મોટાભાગના મનુષ્યો પણ ત્રણ પ્રકારના હોય છે. એક શ્રેણી એવા મનુષ્યોની હોય છે કે જેમણે આત્માનું બંધન સ્વીકારી લીધું છે. હવે તેઓ આ ભવજાળમાંથી નીકળવાની વાત જ વિચારતા નથી. બીજી શ્રેણી એવી વ્યક્તિઓની છે જે વીરોની જેમ પ્રયત્નો તો કરે છે, પરંતુ મુક્તિથી વંચિત રહે છે. ત્રીજી શ્રેણી એવા લોકોની છે કે જે પ્રયત્નો દ્વારા અંતે મુક્તિ મેળવી જ લે છે. પરંતુ બંનેમાં એક શ્રેણી બીજી છે, જે ખુદને બચાવી રાખે છે.

શિષ્યે પૂછ્યું, એ શ્રેણી કઈ છે ? પરમહંસે કહ્યું, હા, એ બહુ મહત્ત્વપૂર્ણ છે. આ શ્રેણીના મનુષ્યો એ માછલીઓ સમાન છે કે જે જાળની નજીક ક્યારેય આવતા નથી અને જો તે નજીક જ નથી આવતી, તો તેમાં ફસાવાનો પ્રશ્ન જ નથી ઉઠતો.

નેતાઓને કર્મનો સિદ્ધાંત લાગુ પડે ખરો ?

તંત્રીસ્થાનેથી...

ભારતીય ફિલસૂફીના મૂળમાં વેદ એ ઉપનિષદ પડેલાં છે. વેદ-ઉપનિષદોના સાર સમી ગીતા આપણને કર્મનો સિદ્ધાંત આપે છે. કર્મો ભોગવવાં જ પડે છે - પછી તે સારાં હોય કે ખોટાં. કર્મ, વિકર્મ, અકર્મ અને કુકર્મ માનવીની વર્તમાન જિંદગીને જ નહીં, એના હવે પછીના અવતારને પણ ઘાટ આપે છે એવી માન્યતાને લીધે ભારતીય જનજીવનમાં સત્કર્મોનો મહિમા થયો છે અને કુકર્મોથી શક્ય એટલા બચીને ચાલવાની કોશિશ થતી રહી છે. ઈશ્વર તો તટસ્થ છે. તમારાં કર્મો જ તમને ઊંચે ચડાવે છે અથવા નીચે પછાડે છે. કેટલાક લોકો એમ પણ માને છે કે કર્મોનો બદલો તો આ ભવમાં જ મળી જતો હોય છે. એવી કેટલીક ઘટનાઓ પણ બનતી હોય છે જેને લોકો જે તે વ્યક્તિના કર્મફળ તરીકે મૂલવે છે. ચૂંટણીમાં ફિલસૂફીની વાતો મનોરંજન પૂરતી ચાલી જાય, પરંતુ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધીને જે બળાપો ઠાલવ્યો છે એ જરા જુદા કારણસર છે. મોદીએ નહેરુગાંધી કુળ સામે કૌટિલ્ય વિષ્ણુદત્ત ચાણક્યની જેમ એક મુદ્દાનો કાર્યક્રમ હાથ ધરેલો છે. પંડિત નહેરુથી લઈ રાહુલ ગાંધી સુધીની કોઈ પણ વ્યક્તિ માટે એમના શબ્દકોશમાં પ્રશંસાત્મક શબ્દ નથી. એમણે રાજીવ ગાંધી વિશે જે અજૂગતું વિધાન કર્યું એથી સ્વાભાવિક રીતે જ રાહુલ ગાંધી અને પ્રિયંકા - બેઉનાં મન પર ઊંડો આઘાત લાગ્યો છે. મોદીએ રાજીવ ગાંધીને નામજોગ નહીં ઉલ્લેખતાં 'તમારા પિતા' કહ્યા ને જાહેર સભામાં એમના વિશે ચર્ચા કરતાં કહ્યું કે એમને દરબારીઓએ 'મિસ્ટર ક્લીન' પ્રસ્થાપિત કરી દીધા હતા પરંતુ એ 'ભ્રષ્ટાચારી નંબર વન' તરીકે મર્યા હતા. મોદીનો સંકેત રાજીવશાસન દરમિયાન થયેલ બોફોર્સ કાંડ તરફ હતો. રાહુલ ગાંધી જ્યાં જાય છે ત્યાં રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદીમાં થયેલ કથિત ભ્રષ્ટાચારનો મુદ્દો ઉછાળે છે અને 'ચોકીદાર ચોર હૈ'ના નારા બોલાવડાવે છે. મોદીએ એની સામે બોફોર્સ કાંડનો ઉલ્લેખ કરી મૃતક પિતા પર કીચડ ઉછાળ્યો તો રાહુલ-પ્રિયંકા માટે સહન કરવું અઘરું હતું. એથી રાહુલે મોદીનાં કર્મોનો ઘડો ભરાઈ ગયો હોવાની વાત કરી. પ્રિયંકાએ શહીદોના નામે વોટ માગતા ફરતા વડાપ્રધાન રાષ્ટ્ર માટે શહીદી વહોરનાર પિતાનું અપમાન કરે છે, એવી રજૂઆત કરી. ચિદંબરમે મોદીએ બોફોર્સ વિશે કશું વાંચ્યું જ નથી, એવું નિવેદન કર્યું. બોફોર્સ કાંડમાં રાજીવ ગાંધીને દિલ્હી હાઈકોર્ટ તરફથી ક્લિનચીટ મળી હતી. રાફેલ કાંડમાં યેનકેન પ્રકારેણ વડાપ્રધાને સુપ્રિમ કોર્ટમાંથી કહેવાતી ક્લિનચીટ મેળવી છે. ચૂંટણીમાં પ્રતિસ્પર્ધીની ગરિમા સચવાય એવાં ધોરણોને કોરામે મૂકી વડાપ્રધાન જ્યારે સતત અરુચિકર ભાષાનો ઉપયોગ કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે સામા પક્ષ પાસેથી સદ્ભાવનાની અપેક્ષા ન જ રહે. જો કે રાહુલ ગાંધીએ તો ટ્વિટ કરીને પાછી વડાપ્રધાનને ગાઢ આલિંગન સાથે શુભેચ્છાઓ પાઠવીને પોતાની ખાનદાનીનો પરિચય કરાવ્યો હતો.

રહેને કો ઘર નહિ હૈ, સારા જહાં હમારા...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આ પુસ્તક તમે વાંચો છો ?'

મૌલિકે સહજતાથી ટેક્સી ડ્રાઈવરને પૂછ્યું, જવાબ મળ્યો કે, 'હા. આ એક નહિ આવા તો અનેક પુસ્તકો મેં વાચ્યા, માત્ર વાંચ્યા નહિ, સમજવાની કોશિશ પણ કરું છું.'

મૌલિક અમદાવાદમાં સામાન્ય રીતે પોતાના સ્કૂટર પર આવન-જાવન કરતો રહેતો. હમણા હમણાં કાળઝાળ ગરમી વધી રહી છે એટલે એણે સ્કૂટર પર ફરવાને બદલે એએમટીએસ કાં બીઆરટીએસની બસમાં ફરવાનું શરૂ કર્યું હતું. ક્યાંક-ક્યારેક જરૂરી લાગે તો એ સિટીમાં ટેક્સી ઓપરેટ કરતી કંપનીની ટેક્સી બુક કરી લેતો હતો. એ રીતે આજે પણ એ પોતાના ઘરેથી કોઈ એક જગ્યાએ જ્યાં નીકળ્યો હતો. ટેક્સી સર્વિસમાં લગભગ ૨૦/૨૨ મિનીટનું ડેસ્ટીનેશન બતાવતું હતું. અચાનક તેનું ધ્યાન પડ્યું ગાડીના ડેશબોર્ડ પર પડેલા ડૉ. અબ્દુલ કલામ આઝાદના એક પુસ્તક પર...

પુસ્તક વાંચવાનો સમય આ ડ્રાઈવરને વળી ક્યારે મળે ? એવું સ્વગત વિચારીને એણે લેખના આરંભે લખેલો સવાલ ડ્રાઈવરને પૂછ્યો ત્યારે એને ત્યાં આપેલો જવાબ મળ્ય ેહતો. ડ્રાઈવરે વધુમાં જે પુસ્તકોનાં નામો આપ્યાં તેમાં ભગવદ્ગીતા, વાલ્મિકી રામાયણ, તુલસી રામાયણ, સ્વામી સચ્ચિદાનંદ અને સ્વામી વિવેકાનંદનાં પુસ્તકોનો સમાવેશ થતો હતો.

મૌલિકને એની વાંચનપ્રિયતા માટે આનંદ થયો અને નવાઈ પણ લાગી. કારણ કે એ ડ્રાઈવર તો મુસ્લિમ બિરાદર હતા. આગળ જતા ડ્રાઈવર ભાઈએ કહ્યું કે તેમનાં પત્ની ક્રિશ્ચિયન ધર્મનાં છે અને આ બંને વળી માને છે માનવધર્મને. વિશ્વના તમામ ધર્મો માનવતાનો સંદેશ આપે છે, એ વાતથી તેઓ જાગૃત છે અને એટલે જ થોડા દિવસો બાદ પરિવાર સાથે ગોલ્ડન ટેમ્પલ દર્શને જવાનો વિચાર પણ એમણે રજૂ કર્યો.

એક માણસ ધર્મ-સંપ્રદાય કે જ્ઞાતિ-જાતિને એકબાજુ મુકીને માણસને માન આપે એ જ મોટો ધર્મ છે એવું માનનાર એ સજ્જન હૃદયની ઉદારતા, માનવધર્મની સમજણ અને વાંચન પ્રેમને મૌલિક વંદન કરી રહ્યો...

થોડા સમય બાદ આવી જ એક બીજી ઘટના બની. આવી જ રીતે એ ટ્રેનમાંથી ઉતર્યો. ટેક્સી કરીને ઘરે આવ્યો, ટેક્સીમાં એણે અનુભવ્યું કે ટેક્સી એકદમ સ્વચ્છ, સુગંધિત સ્પ્રેની અત્તરવાળી, ડ્રાઈવર પણ સુઘડ ને વિવેકી... એ તો પૈસા ચૂકવીને ઘરે જઈને સૂઈ ગયો... સવારે વહેલો જાગી ગયો, દૂધ લેવા અને એ બહાને વૉક કરવા બહાર નીકળ્યો તો ધ્યાન પડ્યું કે રાત્રે જે ટૅક્સી સોસાયટીના ગેટ પાસે તેને ઉતારવા આવી હતી તે જ ટેક્સી ત્યાં હતી. થોડે દૂર તેનો ડ્રાઈવર ચા પી રહ્યો હતો... મૌલિક તેમની પાસે ગયો... હલો કહ્યું ને પૂછ્યું, ફરી અહીંની જ વર્ધી મળી ? તે પોલે કહે, અહીં જ સુઈ ગયો હતો, ગાડીમાં.... ને પછી આખી ઘટના કહી તે સાંભળી મૌલિક એ ડ્રાઈવરને અભિનંદન આપવા માટે મજબૂર થઈ ગયો.

વાત એમ હતી કે એ ડ્રાઈવર ગામડેથી અમદાવાદ શિફ્ટ થયો હતો. એન્જિનીયર હતો. ૩૫ હજારની નોકરી કોઈ પ્રાઈવેટ કંપનીમાં કરતો હતો. લગ્ન થયા ન હતા, મહેનતુ હતો, આદર્શથી જીવતો હતો. એણે લૉન લઈને ટેક્સીખરીદી. દિવસે નોકરી કરે, રાત્રે ટેક્સી ફેરવે, નહાવાનું ને બીજાં પ્રાતઃકર્મો કે શૌચક્રિયા 'સુલભ'માં પુરા કરે, સુવાનું ગાડીમાં જ રાખ્યું... રહેને કો ઘર નહિ હૈ, સારા જહાં હમારા... એમ એની ગાડી એ જ એનું ઘર હતું...

વાત માન્યામાં ન આવે તેવી હતી પણ એના કહેવા મુજબ એ ત્રણ મહિનાથી આમ જ જીવી રહ્યો હતો. મૌલિકને કહે, 'હવે એક-બે મહિનમાં પીજી તરીકે ક્યાંક સ્થાયી થઈશ. પણ હમણાં તો આ જ ઉત્તમ છે, પૈસા બચાવીશ તો પરિવારને ખુશ રાખીશને !'

આમ સરળતાના-માનવતાના-પુરૂષાર્થના ને પરિશ્રમના સંસ્કારોથી સભર ટેક્સી ડ્રાઈવરોના રોચક અનુભવોથી મૌલિક રાજી રાજી થઈ ગયો...

તેને થયું આવા માણસો થકી જ માનવતાના ને પુરૂષાર્થના અજવાળા રેલાય છે.

એક માણસ ધર્મ-સંપ્રદાય કે જ્ઞાતિ-જાતિને એકબાજુ મુકીને માણસને માન આપે એ જ મોટો ધર્મ છે એવું માનનાર એ સજ્જન હૃદયની ઉદારતા, માનવધર્મની સમજણ અને વાંચન પ્રેમને મૌલિક વંદન કરી રહ્યો...

હું ગાંધીનગરો છું અને મને તેનું અભિમાન છે

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

હું ગાંધીનગરો છું અને મને તેનું અભિમાન છે. બે દિવસ પહેલાં મુરબ્બી શ્રી પ્રકાશ લાલા દિગ્દર્શિત નૃત્યનાટિકા સમી અદ્ભૂત પ્રસ્તુતિ 'હું છું ગાંધીનગર'ના રુપે જોવાનો લ્હાવો મળ્યો અને કલમ આ અવિસ્મરણીય મંચન વિશે અને ગાંધીનગરના વાસી તરીકેનો અનુભવ લખ્યા વગર ન રહી શકી. આ કોઈ કાર્યક્રમનો પ્રશસ્તિપત્ર નથી. આ તો ગાંધીનગરા તરીકેની ઉમંગની લાગણી છે. આપણે ગાંધીનગરના છીએ... આ નગર અત્યારની ચાળીસી વટાવી ચૂકેલા નાગરિકોની જન્મભૂમિ બની ચૂકી છે એટલે ભલે ગુજરાતના ખૂણે-ખાંચરેથી આવી વસેલા આ પેઢીના માતા-પિતાનું ગાંધીનગર વતન ન હોય પરંતુ ૧૯૭૦ પછી જન્મેલાઓની તો આ પૂર્ણતઃ વતનની માટી જ કહેવાય.

ગાંધીનગરના જ કલાકારો દ્વારા અને ભાવકો દ્વારા જ ભજવાયેલું અને કવિશ્રી તુષાર શુક્લ અને કવિશ્રી ભાગ્યેશ જહા દ્વારા લિખિત ગીત, ગરબા અને સંસ્કૃત સ્તોત્ર... અહાહા... અદ્ભૂત... એક ગાંધીનગરા તરીકે અભિમાન થઈ આવ્યું અને આ ગર્વ પોરસવા બદલ ગાંધીનગર કલ્ચરલ ફોરમને અઢળક અભિનંદન... આ લાગણી મારી એકની નહીં, પરંતુ દરેક ગાંધીનગરાની છે.

અત્યાર સુધી એવું હતું કે જ્યારે પણ કાકા, મામા, દાદાના ઘરે જવાનું થતું કે મળવાનો પ્રસંગ બનતો ત્યારે મહદંશે આપણા વડિલોના વતનની અથવા આપણા પિતરાઈઓના નગર-શહેરની ઐતિહાસિકતા, ત્યાંની ખાણીપીણી, નગરની સુંદરતા, જે-તે શહેરના ઔદ્યોગિક વિકાસની કે એવી બધી વાતો જ સાંભળવી પડતી. અને ત્યારે મોટેભાગે આપણે ચૂપકિદી જ સેવી લેવી પડતી, ઘણું લાગી આવતું.

આ નગર એ માત્ર ક, ખ, ગ, ઘનું કક્કાનગર કે પછી સચિવાલય, વિધાનસભાનું કર્મચારીનગર જ નથી તે વાત લોકોને ગળે ઉતરતી નહોતી... પણ આ નગરમાં શ્વસવું એ પરભવના પુણ્ય કર્મની જ દેન છે, તેવું આ નગરની બહાર રહેતા લોક સમજી નહીં શકે...

ઝેવિયર્સ, ગુરુકુળ અને કડી આ ત્રણ સ્કૂલમાંની જ લગભગ આપણી મોટાભાગની પ્રૉડક્ટ છે. અહીં જેઓ નોકરી-ધંધા અર્થે આવ્યા અને પછી વસ્યા તેમની વાત નથી. અહીં તો નોકરી-ધંધો કરવા આવેલા પરિવારોની બીજી પેઢીની, તેમનાં સંતાનોની વાત છે કે જે પોતે આજે તૃતિય પેઢીની જન્મદાત્રી બની ગઈ છે.

હવે અહીં તહેવારોમાં સૂનકાર જોવા નથી મળતો. દિવાળીમાં ફટાકડા અહીં વધુ ફુટે છે, ઉત્તરાયણમાં પતંગની મજા કંઈક ઓર જ આવે છે. વેકેશનમાં વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકો સાથે મોટેરાઓ પણ મોજ કરે છે. હવે મારું ગાંધીનગર રજાઓમાં ખાલી થઈ નથી જતું.

હવે વારંવાર ઢાલગરવાડ ને પાનકોરનાકા કે કાળુપુર કરિયાણું લેવા કે રોજિંદા વપરાશની વસ્તુઓ લેવા નથી ભાગવું પડતું. મેં તો ખરીદી માટે સ્પેશિયલ ગાંધીનગર આવતા પરિવારોને જોયા છે. પહેલાં તો દિવાળીની ખરીદી કે પ્રસંગોપાત કપડાં લેવા જવું હોય તો અમદાવાદ. પછી ભલે ને ભારે કપડાં લેવાનાં હોય કે કેઝ્યુઅલ કપડાં લેવાનાં હોય. સીજી રોડ કે રિલીફ રોડ જ જવું પડે. આજે ગાંધીનગરમાં એક એક બ્રાન્ડ આવી ગઈ છે, પેન્ટાલૂન, વુડલેન્ડ્સ, ગ્રીન ફાઈબર, અધધ કપડાંની વેરાયટી દુકાનો ખૂલી ગઈ છે, પરંતુ ખરેખર મધ્યમવર્ગ માટે કોઈ રૉયલ પૅલેસ સમાન સ્થળ હોય તો તે 'અરિહંત' રેડિમેડ વસ્ત્ર ભંડારના વિવિધ સ્ટોર છે. વર્ષોથી એકધારી ગુણવત્તા અને સુંદરતાને કારણે સેક્ટર-૨૧નું શોપિંગ સેન્ટર અને તેની બધી જ દુકાનો ધમધમી રહી છે. પોસાય તેવા ભાવે એકદમ નવી જ સ્ટાઈલનાં બધાં જ કપડાં આપણને અહીં મળી રહે છે.

મીઠાઈમાં રાધે ને વૃંદાવન બેજોડ છે. કદાચ આ બધું આપણને આજે આટલું રૂડું લાગે છે. કારણ કે આપણી આગલી પેઢીએ ગાંધીનગરને આ કક્ષાએ પહોંચાડવામાં અથાગ પ્રયત્ન કર્યો છે, ત્યારે અત્યારે આ સુપરિણામ જોવા મળી રહ્યાં છે.

થેંક્યુ વેરી મચ કે અમને ભાન કરાવ્યું કે અમે ગાંધીનગરના છીએ અને અમને આ નગર વગર બીજે ક્યાંય ગમતું નથી. 'અમે અમદાવાદી...' કે પછી 'પોળમાં ગલી... ગલીમાં...' જેવા સિગ્નેચર સોંગ અમદાવાદ માટે હતા. ત્યારે ગાંધીનગર માટેનું આવી દસ્તાવેજી ચિત્ર સમાન છતાં પણ ખૂબ જ રસમય પ્રસ્તુતિ સાથેનું મંચન મજા મજા કરાવી ગયું.

આ નગરનો એવો તો જાદુ છે કે લોકો બીજા શહેરો અને પ્રાંતમાંથી અહીં નોકરી માટે કામચલાઉ ધોરણે આવ્યા હોય અને પછી અહીં જ વસી જાય છે. આ ગાંધીનગરની, હરિયાળા ગાંધીનગરની ખાસીયત છે.

પરંતુ દરેક સુંદરતા, તેને જાળવી રાખવાની જવાબદારી સાથે આવતી હોય છે. કહેવાતા વિકાસ અને આગળ વધી ગયેલા દેખાવામાં કે નાઈટ લાઈફની જ્યાફત ઉડાડવામાં આપણે બેજવાબદાર તો નથી બની ગયા ને! તે નાણતા રહેવું જરૂરી છે. ગાંધીનગર વિકસ્યું છે, વિસ્તર્યું છે, સારા ભેગા નરસા પણ લોકો આવે. મલ્ટીનેશનલ કંપનીઓ અહીં આવી એટલે આપણું શહેર પણ કોસ્મોપોલીટન સિટી બની રહ્યું છે, ખાસ કરીને ગાંધીનગરનો અમુક ભાગ અને આ જ દેખાદેખી અથવા ખોટા આડંબરમાં, કો'કના જેવા દેખાવાની લ્હાયમાં આપણી પોતાની જ સાદગી હતી તે ગુમાવી ન દઈએ તેની કાળજી રાખવી પડશે.

આ નગરને ઘણા વખત સુધી કોઈ પોતાનું નગર નહોતું માનતું, અને માટે જ અગાઉ કહ્યું તેમ તહેવારોની ઉજવણી કરવી હોય તો બધા પલાયન કરી જતા અને આ નગરને કે જે આપણને આશરો આપે છે, તેને ભેંકાર મૂકીને ચાલ્યા જતા... હવે જ્યારે આ નગરની સ્વઓળખ સ્થાપિત થઈ રહી છે ત્યારે, આપણા મુરબ્બીઓની મહેનત રંગ લાવી રહી છે ત્યારે, આપણી એ ફરજ બની રહે છે કે આપણે આની સુંદરતા જાળવી રાખીએ...

ફરી એકવાર આ ગાંધીનગર મારું નગર છે, તેવી ભાવના બળવત્તર બનાવવા બદલ અમે ગાંધીનગરાઓ જીસીએફ દ્વારા પ્રસ્તુત 'હું છું ગાંધીનગર' કાર્યક્રમના સદાય ઋણી રહેશું.

હું ગુજરાતી, તું ગુજરાતી, આપણ સહુનું તળ ગુજરાતી



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગુજરાતી બાંધવો માટે ૧લી મે સાથે જોડાયેલી અનેક જાણી અજાણી ઘટનાઓમા શીરમોર ઘટના એટલે ગરવા ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ.

અલગ ગુજરાત રાજ્યની સ્થાપનાને આ વર્ષે ૫૯ વર્ષ પૂર્ણ થયાં. ભવ્ય ઈતિહાસ સાથે પ્રગતિની છડી પોકારતું ઉન્નત મસ્તકે ઉભેલું ગુજરાત અડિખમ રાજ્ય છે. છેક ચૌલુક્ય વંશથી ગુજરાતનો ઈતિહાસ છે. ૧૯૪૭માં હિન્દુસ્તાન આઝાદ થયું. આ સમયે પશ્ચિમ વિસ્તારમાં આવતાં રજવાડાઓ એકત્રિત કરી સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ ત્રણ રાજ્યો બનાવાયા. ૧૯૫૬માં મુંબઈ રાજ્યનો વિસ્તાર વધારી કચ્છ, સૌરાષ્ટ્ર, હૈદરાબાદ અને મધ્ય પ્રદેશનો કેટલોક ભુભાગ તેમાં જોડવામાં આવ્યો. આ નવા મુંબઈ રાજ્યના ઉત્તરનાં વિસ્તારમાં ગુજરાતી બોલતા અને દક્ષિણમાં મરાઠી બોલતા લોકો રહેતા હતા. ઈન્દુલાલ યાજ્ઞિક, રવિશંકર મહારાજ, વિદ્યાગૌરી નીલકંઠ જેવા આગેવાનોએ ઓગસ્ટ તા. ૮, ૧૯૫૬થી મહાગુજરાત આંદોલન છેડીને ચાર-ચાર વર્ષ સંઘર્ષમય અહિંસક લડત આપ્યા બાદ ૧લી મે, ૧૯૬૦ના રોજ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો પરચમ લહેરાયો.

ગુજરાત એટલે ગરબા. ગુજરાત એટલે વેપાર. ગુજરાત એટલે સ્વાદ. ગુજરાત એટલે સાહસ. ગુજરાત એટલે સંસ્કાર. ગુજરાત એટલે સૌજન્ય. સંતો, શૂરવીરો અને સાહિત્યકારોની ભોમકા એટલે ગરવું ગુજરાત. ગુજરાત રાજ્યની યશગાથા કાવ્યમાં વર્ણવવા બેસીએ તો હજારો પાનાનું મહાકાવ્ય બને અને ગદ્યમાં લખવા બેસીએ તો મહાનવલના ૧થી ૧૦૧ ભાગ રચાય. ગુજરાતના સારસ્વતોએ ગુજરતનો મહિમા એમના શબ્દોમાં ગાયો છે એની થોડી ઝલક માણવા જેવી છે.

ગુજરાતી જણ અને ગુજરાતી ભાષાને બે લીટીમાં ખબરદારે અદભુત રીતે અભિવ્યક્ત કર્યા છે.

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત,
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરી મહોલાત.

કવિવર ઉમાશંકર જોષી નોંધે છે કે,

તૈયાર થઈ જજો, તૈયાર થઈ જજો,
નાત-જાત-ભાત તારી કોઈપણ હજો.

રમેશ ગુપ્તા ગુજરાતની યશગાથા આલેખતા કહે છે...

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની...

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતના જોમ અને જુસ્સાને અભિવ્યક્ત કરતાં લખ્યું છે કે,

નથી જાણ્યું અમારે પંથ શી આફત પડી છે,
ખબર છે એટલી કે, માતની હાકલ પડી છે.

શૂન્ય પાલનપુરી ગુજરાતની ગરીમા માટે લખે છે કે,

વિશ્વને રોશન કરી ગઈ દીપિકા ગુજરાતની
સૂર્ય પણ જો તો રહ્યો જયોતિકલા ગુજરાતની

કવિ ન્હાનાલાલ લખે છે કે,

ધન્ય હો ! ધન્ય હો પુણ્યપ્રદેશ, અમારો ગુણિયલ ગુર્જર-દેશ.

કવિ મનિષ ભટ્ટની કલમે ગુજરાતનું ખમીર ટપક્યું કંઈક આ રીતે.

ઝૂક્યા પહાડો, ને ઝૂકી આ નદીયું, પણ ઝૂક્યું ના કોઈ દી' ગુજરાત,
હો રાજ મારું જીત્યું હંમેશ ગુજરાત

પ્રત્યેક ગુજરાતીની જીભે રમતી રહે છે, નર્મદની લાડકવાયી મશહુર રચના,

જય જય ગરવી ગુજરાત, દીપે અરુણ પ્રભાત,
ઊંચી તુજ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત.

પદ્મશ્રી રઘુવીર ચૌધરીએ લખ્યું છે કે,

તું આવકારનો ભાવ સદા ગુજરાત, વિભુની કૃપારૂપે લહેરાય નર્મદા માત.

ગઝલકાર રાજેશ વ્યાસ મિસ્કીન ગુજરાતની ગાથા વર્ણવતા લખે છે કે,

ઝીલતી પડકાર સઘળા વીરતા ગુજરાતની,
છે લખાઈ આમ સોનેરી કથા ગુજરાતની.

વિનોદભાઈ જોષીના શબ્દોમાં બળુકા ગુજરાતીની વાત ગૌરવપૂર્ણ રીતે છલકે છે.

હું એવો ગુજરાતી, જેની 'હું ગુજરાતી' એ જ વાતથી ગજ ગજ ફુલે છાતી

હરિકૃષ્ણભાઈ પાઠક ગુજરાતીઓ માટે લખે છે કે,

ગરવી ગૂર્જરની ધરા, ગરવા નર ને નાર,
સાગર કાંઠે સહેલતી, છલતી અપરંપાર.

કવિ હર્ષ બ્રહ્મભટ્ટ 'અમે ગુજરાતી'માં ગુજરાતીઓની તાકાતને અભિવ્યક્ત કરતાં લખે છે કે,

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે, અમે ભીંત ફાડીને ઊગી જવાના

યુવા કવિ હરદ્વાર ગોસ્વામી ગુજરાતીના સ્વભાવને ઉજાગર કરતાં લખે છે કે,

આખુ ય જગ લાગે પ્યારું ગુજરાતી છું,
ઈશ્વર પાસેનું ઘર મારું ગુજરાતી છું.

જ્યારે કવિ કૃષ્ણ દવેએ એમના દમદાર શબ્દોમાં ગુજરાતને કંઈક આમ પ્રસ્તુત કર્યું છે...

નવી સવારે નવું કિરણ લઈ
આવ્યું નવલી વાત,
અમારું નવું નવું ગુજરાત...

ગુજરાતના ઉત્કર્ષની ભાત ઉપસાવતા રસિક મેવાણી કહે છે કે,

તું વિશ્વ ગુર્જરી છે, આ જ ગુર્જરીની વાત કર,
નવા યુગોના રંગથી, નવી નવી તું ભાત કર...

માધવ ચૌધરી રઢિયાળી ગુજરાતની વાત કરતા લખે છે કે,

રઢિયાળી ગુજરાત, અમારી રઢિયાળી ગુજરાત
વીર નરોની માત, અમારી રઢિયાળી ગુજરાત.

જુનાગઢના કવિ યોગેશ પંડ્યા 'સ્વજન' ગુર્જર માતના આદરમાં લખે છે...

ગુણવંતી ગુર્જર ભૂમિને, ઝૂકી ઝૂકીને નમવું છે,
વિશ્વ શાંતિનો મંત્ર જપીને, સકલ વિશ્વને કહેવું છે.

તો કવયત્રિ દેવિકા ધ્રુવ લખે છે કે,

છે વાણી મારી ગુજરાતી ને ભૂમિ મા ગુજરાત,
વેષભૂષા વિદેશી પણ ગૌરવ આ ગુજરાત.

ગુજરાતની પ્રગતિને કંડારતા કવિ કિશોર જીકાદરા લખે છે...

નંબર વન ગુજરાત મારું, નંદનવન ગુજરાત !
ક્રોડ સાડા પાંચ સ્વજન છે, બહોળો છે પરિવાર,
સમરસ થઈ એ કિલ્લોલે છે, સુખમાં અપરંપાર,
માંડે છે પ્રગતિના પંથે, કદમ દિવસ રાત

સાંઈરામ દવે એમના આગવા અંદાજમાં આપે છે ગુજરાતની ઓળખ...

હું ડાલામથ્થો ગુજરાતી, હું દરિયાબેટો ગુજરાતી,
આત્મગૌરવી કરુણાગામી, સાગરબેટો ગુજરાતી.

ભરત કવિ 'ઉર્મિલ' ગુજરાતની ભૂમિની વિષે લખે છે કે,

સંતો-મહંતો ભક્તોની સૌગાત આ ગુજરાત છે,
અણમોલ વલ્લભ-ગાંધીની સૌગાત આ ગુજરાત છે.

ગુજરાતનું ગૌરવગાન કરતા ડૉ. કનૈયાલાલ ભટ્ટ લખે છે કે,

'હું ગુજરાતી તું ગુજરાતી, આપણ સહુનું તળ ગુજરાતી,
શાંતિ અને સાહસથી જીવવું, જગ આખે ઝળહળતો ગુજરાતી'

ગરવા ગુજરાતની ગરવી વાતોને તેમના શબ્દોમાં કંડારીને અનેક નામી અનામી કવિઓ, ગઝલકારો અને ગીતકારોએ ગુજરાતના અલગ અલગ અનેક સ્વરૂપોને પ્રસ્તુત કર્યા છે. આ બધા સ્વરૂપોને પ્રસ્તુત કરવા અશક્ય છે પણ આ સારસ્વતોના અનેક શબ્દસુમન પૈકી કેટલાક શબ્દપુષ્પોને ચૂંટીને ગુલદસ્તો બનાવી ગુજરાત ગૌરવદિને સૌ વાચક બિરાદરોને શબ્દસુગંધ આપવાનો પ્રયાસ કર્યો છે. અહીં એ ઉલ્લેખનીય રહેશે કે, માત્ર સાહિત્યકારો જ નહીં બલ્કે એકે એક ગુજરાતી ૧લી મેના રોજ ગૌરવ અનુભવે છે. તેના હૃદયના તાર ઝંકૃત થતા હોય છે. ગુજરાત એ સંસ્કારોની ભૂમિ છે. પડકારોની ભૂમિ છે. ગુજરાત હૃદયના ધબકારની ભૂમિ છે. સૌ ગુજરાતી બાંધવોના હદયમાં ગુજરાત સ્થાપના દિને આ સંસ્કાર, પડકાર અને ધબકાર આદરપૂર્વક ઝીલાતો હોય છે.

ધબકાર :

"જે પ્રદેશની સીમા ઉત્તરે આબુ આગળ હતી અને દક્ષિણે પહેલાં મહિને કાંઠે, પછી નર્મદાના તીરે ને ત્યાર બાદ દમણ ગંગાના તટ પર આવીને અટકી એ પ્રદેશ 'ગુજરાત' નામે ઓળખાવા લાગ્યો."

- કનૈયાલાલ માણેકલાલ મુનશી (ચક્રવર્તી ગુર્જરો, ૧૯૬૫)